**DATE: 07/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### પશુઘાતકી પણાનો ગુનો નોંધાતા ફરાર થઈ ગયો હતો

# અંકલેશ્વરમાં દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ મથક ના પશુ ઘાતકી પણા ના વોન્ટેડ આરોપીને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી પાડ્યો હતો. દોઢ વર્ષ થી પોલીસને હાથતાળી આપી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ચોક્કસ માહિતી આધારે આલુજ થી ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર શહેર પોલીસ મથકે 2021 માં પશુ ઘાતકી પણા હેઠળ આલુજ ના શબ્બીર ઉર્ફે ગુરુજી મુસા ટોપીયા વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જો કે છેલ્લા દોઢ વર્ષ આ ગુના માં શહેર પોલીસને ચકમો આપી શબ્બીર ઉર્ફે ગુરુજી ફરાર હતો. જે આરોપી આલુંજ ખાતે હોવાની ચોક્કસ માહિતી ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડ ને મળી હતી. જે આધારે પેરોલ ફર્લો સ્કોર્ડ ના પી.એસ.આઈ વી.એ રાણા અને તેમની ટીમ દ્વારા આલુંજ ખાતે પહોંચી શબ્બીર ઉર્ફે ગુરુજી મુસા ટોપીયા ને ઝડપી પાડ્યો હતો. દોઢ વર્ષ થી પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ના ગુના માં વોન્ટેડ આરોપી શબ્બીર ઉર્ફે ગુરુજી મુસા ટોપીયા ને શહેર પોલીસ ના હવાલે કર્યો હતો. શહેર પોલીસે વોન્ટેડ આરોપી ને જેલ ભેગો કરી વધુ તપાસ આરંભી હતી. વિધાનસભાની ચુંટણી અનવ્યે પોલીસે ગુનેગારો સામે ભીંસ વધારી દીધી છે. ચુંટણી વેળા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગુનેગારોને શોધી શોધીને જેલભેગા કરાય રહયાં છે.

**DATE: 07/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### બી-ડિવિઝન પોલીસે દહેજ બાયપાસ રોડ પર આવેલી અલ-બેઈક હોટલમાં રેડ પાડી હતી

# ભરૂચની હોટલમાંથી ગૌમાંસ ઝડપાયું બે સંચાલક,ખાટકી સામે ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ન્યુ અલ-બેઈક શીક પરાઠા નામની રેસ્ટોરન્ટમાં બી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે રેસ્ટોરન્ટના ડીપ ફ્રીજમાંથી 10 કિલો ગૌમાંસ જપ્ત કરી સેમ્પલ પૃથ્થકરણમાં મોકલતાં તેના રિપોર્ટ પોઝીટીવ આવતાં રેસ્ટોરન્ટના બે સંચાલકો તેમજ તેમને ગૌમાંસ સપ્લાય કરનાર ખાતકી વિરૂદ્ધ પશુઘાતકી પણાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. ડી. ફુલતરીયાને ચોક્કસ બાતમી મળી હતી કે, શીફા ત્રણ રસ્તાથી મનુબર ગામ તરફ જવાના રસ્તા પર આવેલી ન્યુ અલ-બેઈક સીક પરાઠા નામની નોનવેજ રેસ્ટોરન્ટમાં ગૌમાંસનું વેચાણ થાય છે. જેના પગલે તેમણે તેમની ટીમ તેમજ ભરૂચ પશુ દવાખાનાના પશુચિકિત્સક ડો. સાજીદ વોરા સાથે હોટલમાં રેડ કરી હતી. રેસ્ટોરન્ટના માલિક બસારતઅલી કુરબાનઅલી શેખ (રહે. ધોબી તળાવ, મસ્જીદની બાજુમાં, મુળ રહે. ગુલાલપુર ગામ યુપી) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે હોટલમાં ચેકિંગ કરતાં અંદર આવેલાં એક ડીપ ફ્રીજમાં પશુમાંસ તેમજ માંસનો ખીમો તેમજ ચરબી અને લીવર પડેલું જણાયું હતું. જેના પગલે તેમણે તમામ જથ્થાના 4 સેમ્પલો મેળવી તે તપાસ અર્થે સુરત ખાતે આવેલી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી આપ્યાં હતાં. જેનો રિપોર્ટ આવતાં માલુમ પડ્યું હતું કે, 4 પૈકી 3 સેમ્પલમાં મોકલાવેલું માંસ ગૌમાંસ હતું. જેના પગલે પીઆઇ એસ. ડી. ફુલતરીયાએ રેસ્ટોરન્ટના સંચાલક બસારતઅલી કુરબાનઅલી શેખની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેના મોટા ભાઈ અસરફઅલી કુરબાનઅલી શેખે શહેરના ભઠીયારવાડ ખાતે અસ્લમ કુરેશી નામના એક શખ્સ પાસેથી ગૌમાસ લાવ્યો હતો. જેના પગલે પોલીસે ન્યૂ અલ-બેઈક રેસ્ટોરન્ટના બન્ને માલિક ભાઈઓ તેમજ ખાતકી વિરૂદ્ધ આઈપીસીની કલમ 429 તેમજ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની કલમ 5(1-ખ), 6 ખ(1)(2), 8(1)(2)(3)(4) અને 10 તથ પશુઘાતકી પણા અધિનિયમ કલમ 11(1)(ડ) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.હોટલમાંથી ગૌમાસ મળવાની ઘટના બાદ ભરૂચ જિલ્લાના સ્વાદરસિકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

**DATE: 07/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

## મોટા ફળિયા વિસ્તારમાં પોલીસે દરોડા પાડ્યાં

# અંદાડા ગામે ઓટો રિક્ષામાં સંતાડેલી દારૂની બોટલો મળી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટાફે અંદાડા મોટા ફળિયા માંથી રીક્ષામાંથી ભારતીય વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ જતા આચારસંહિતાની અમલવારી કરાઈ રહી છે.પોલીસ વિભાગ પણ એલર્ટ બનીને કડક કાર્યવાહી કરી રહી છે.ત્યારે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથક સ્ટાફ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.તે સમયે માહિતી મળી હતી કે,અંકલેશ્વર ભાંગ વાડ ભરૂચ નાકા વિસ્તાર ના વિજય વસાવા અને અંદાડા ગામના મોટા ફળિયામાં રહેતા જ્યોતિ પટેલ ઘર પાસે રીક્ષામાં દારૂનો જથ્થો રહ્યો હોવાની માહિતી મળી હતી.આ માહિતીના આધારે પોલીસે માહિતી વાળા સ્થળ પર રેઈડ કરતા પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ બોક્સ નંગ -07 માં કુલ બોટલ નંગ -291 જેની કુલ કી.રૂ.26,300 અને રીક્ષાની કિંમત રૂ.25 હજાર સહિત કુલ રૂ.51,300 નો મુદામાલ કબ્જે કર્યો છે.ત્યારે બંનેને દારૂ આપનાર સહદેવ વસાવાને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### એલસીબીએ 35 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ગુમાનપુરામાં ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ગુમાનપુરા ગામેથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારુનો જથ્થો ઝડપી પાડી એક મહિલા સહિત કુલ બે આરોપીઓ સામે ઝઘડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

એલસીબી પીએસઆઈ જે.એન. ભરવાડ ટીમ સાથે ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન બાતમી મળી હતીકે, ગુમાનપુરા ગામે કોઠી ફળિયામાં રહેતા રાજુ વસાવાએ તેના ઘરની સામે ખેતરમાંવિદેશી દારુનો જથ્થો ઉતારેલ છે. પોલીસે છાપો મારતા સદર ખેતરના સેઢા પાસેથી વિદેશી દારુની રૂ.35 હજારની કિંમતની નાની મોટી કુલ335 બોટલો મળી આવી હતી. પોલીસે વિદેશી દારુનો આ જથ્થો કબજે લઈને ઘરે હાજર મળેલ મહિલા નયના વસાવાને નોટીસ આપી હતી, તેમજ અન્ય એક ઈસમ ઉક્કડવસાવાને વોન્ટેડ જાહેર કરીને પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસર કાર્યવાહી કરી ઝઘડિયા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

DATE: 07/11/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHAKAR PAGE–04

### ભરૂચ શહેરના જ્યોતિનગર ટર્નિંગ પાસે પોલીસે વોચ ગોઠવી હતી

# મોપેડ ઉપર વિદેશી દારૂની હોમ ડિલિવરી કરતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ઝાડેશ્વર રોડ પર જ્યોતિનગર ટર્નિંગ પાસે પોલીસે મોપેડ પર વિદેશીદારૂની હોમ ડિલીવરી આપતાં બુટલેગરને ઝડપી પાડ્યો હતો. મોપેડની ડેકીમાંથી વિદેશીદારૂની 15 બોટલો મળી આવી હતી. વિદેશીદારૂ, મોબાઈલ મળી કુલ 12 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધી તેણે કોની પાસેથી દારૂ લાવ્યો તેમજ કોને પહોંચાડવાનો હતો તેની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોકકસ બાતમી મળી હતી કે, મહાદેવ નગર ખાતે રહેતો દિવ્યેશ ઉર્ફે દીપુ મહેશ સોલંકી મોપેડ પર વિદેશીદારૂની હોમ ડિલીવરી આપવા જઈ રહ્યો છે. જેના પગલે તેમણે જ્યોતિનગર ટર્નિંગ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં દિવ્યેશ ઉર્ફે દીપુ મહેશ સોલંકી અન્ય એક શખ્સ સાથે ત્યાંથી પસાર થતો હોય તેને રોકી તેની મોપેડની ચકાસણી કરતાં તેના મોપેડમાંથી વિદેશીદારૂની 15 બોટલો મળી આવી હતી. જ્યારે તેની પાછળ બેસેલાં શખ્સનું નામ સ્વપનિલ અજય ચૌહાણ હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે કુલ 7,500 ની મત્તાનો દારૂ તેમજ એક મોબાઈલ મળી કુલ 12 ઉપરાંતનો મુદ્દામલા જપ્ત કર્યો હતો.

**DATE: 08/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં ત્રણ ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનના અપહરણના ગંભીર ગુનામાં સી.આર.પી.સી. કલમ-70 મુજબના વોરંટનો તથા સુરત જિલ્લાના સરથાણા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લાં બે વર્ષથી રીઢો આરોપી બદરૂદ્દીન અશરૂદ્દીન ખાન (રહે., મલેક ફળિયું, નાની બજાર, એસ.કે.શોપ, હાંસોટ)નો પોલીસ ધરપકડથી નાસતો ફરતો હતો. ટીમને આરોપી તેના ઘરે આવવાની માહિતી મળી હતી. જેની ભરૂચ એલસીબીની ટીમને બાતમી હકીકત મળી હતી કે, આ રીઢો આરોપી તેના હાંસોટથી તેના ઘરે આવ્યો છે. આ માહિતીના આધારે પોલીસે તેના ઘરે તપાસ કરીને તેને ઝડપી પાડ્યો હતો. તેની સામે સી.આર.પી.સી.ની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે પ્રથમ અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે. ત્યાર બાદ વધુ કાર્યવાહી માટે સરથાણા પોલીસમથક (સુરત) ખાતે મોકલી દેવામાં આવનાર છે.

**DATE: 08/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ઝઘડિયાના કપલસાડી ગામે જુગાર રમતા 2 જુગારી ઝડપાયા, 5 ફરાર થઇ ગયા

ઝઘડિયા: ઝઘડિયા તાલુકાના કપલસાડી ગામેથી પોલીસે જુગાર રમતા બે ઇસમને ઝડપી લીધા હતા. જ્યારે પોલીસને જોઇને અન્ય પાંચ ઇસમ નાસી છૂટ્યા હતા. આ અંગે મળતી વિગતો મુજબ ઝઘડિયા પોલીસને ગત રોજ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, ઝઘડિયાના કપલસાડી ગામે વણાકી ફળિયામાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેર આરસીસી રોડ પર બેસીને કેટલાક ઇસમો પત્તાપાનાંનો જુગાર રમે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે છાપો મારતા ત્યાં કેટલાક ઇસમો કુંડાળું વળીને જુગાર રમતા જણાયા હતા. પોલીસે જુગાર રમતા ઇસમો પૈકી બે ઇસમોને ઝડપી લીધા હતા. જ્યારે પોલીસની રેઇડ જોઇ અન્ય પાંચ ઇસમો નાસી છૂટ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમવામાં ઉપયોગી પત્તાપાનાં તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂ.૧૦૬૮૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમતા ઝડપાયેલા ઇરફાન હારૂન શેખ અને મુકેશ વિઠ્ઠલ વસાવા તેમજ અન્ય નાસી ગયેલા ઇસમો તૌફિક ગફુરભાઇ બેલીમ, મોહિન શાંતિલાલ વસાવા, જીગો મોહિન વસાવા, કૌશિક વિઠ્ઠલ વસાવા તથા જયેશ રમણ વસાવા (તમામ રહે.,કપલસાડી, તા.ઝઘડિયા) વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 08/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરના ભરૂચી નાકા પાસે કારમાંથી દારૂ ઝડપાયો



અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર પોલીસમથકની સર્વેલન્સ ટીમને વાલિયાથી અંકલેશ્વર હાંસોટ રોડ પર અર્ટીકા કારમાં મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી થવાની હોવાની મળેલી માહિતીના આધારે શહેર પોલીસે અંકલેશ્વરના ભરૂચી નાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન અર્ટીકા કાર આવતાં પોલીસે તેને રોકી કારમાં તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વાલિયાના ડેહલી ગામના અર્ટિકા કારચાલક રીન્કુ રામુ વસાવાની ધરપકડ કરી રૂ.72,800ની કિંમતનો દારૂ તેમજ 5 લાખ રૂપિયાની કિંમતની અર્ટીકા કાર મળી કુલ 5,72,800 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી રીન્કુ વસાવાની વધુ પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 10/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### આરોપી દારૂના ગુનામાં નાસતો ફરતો હતો

# ભરૂચ-અંકલેશ્વરના બે ગુનામાં વોન્ટેડ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર તથા ભરૂચ શહેર સી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા પાંચ મહિનાથી પોલીસ પકડથી નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કોડ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ભરૂચ જિલ્લા પોલીસ SP ડો.લીના પાટીલ જિલ્લા તથા જિલ્લા બહારના નાસ્તા ફરતા તથા વોન્ટેડ આરોપી પકડવા માટે સુચના આપી હતી. જે સુચના અનુસંધાને PSI વી.એ.રાણા તથા પેરોલ ફર્લો સ્કોર્ડ ભરૂચની ટીમ વાલીયા પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમય દરમિયાન ખાનગી બાતમી હકીકત આધારે અંકલેશ્વર શહેર પો.સ્ટેશન પ્રોહિબિશનના ગુનામાં સી.આર.પી.સી. કલમ - 70 મુજબના વોરંટ માં પાંચ મહિનાથી તથા ભરૂચ શહેર સી. ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા આરોપી વિજય ઉર્ફે સુનિલ હસમુખભાઈ વસાવાને કોંઢ ગામ ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની આગળની કાર્યવાહી કરવા માટે ભરૂચ શહેર સી ડીવી પો.સ્ટેશન સુપ્રત કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જિલ્લામાં ચુંટણીની આચાર સંહિતાને લઈને પોલીસ તંત્ર ગુનાહિત કૃત્યો સાથે જોડાયેલા આરોપીએ સામે લાલ આંખ કરી રહ્યો છે.

**DATE: 10/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## નાસતા ફરતા આરોપીઓને દબોચી લેવા માટે પોલીસનું ખાસ અભિયાન

# નબીપુર-ભરૂચમાં વિદેશી દારૂના કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવીઝન પોલીસ સ્ટેશન તેમજ નબીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે પ્રોહિબિશનના કેસમાં એક આરોપી બે વર્ષથી વોન્ટેડ હતો. દરમિયાનમાં ભરૂચ એલસીબીની ટીમે આરોપીને ઝડપી પાડી સી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

વિધાનસભાની ચૂંટણીને લઈને પોલીસતંત્ર દ્વારા ગુનાઈત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલાં લોકો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. ત્યારે જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓની માહિતી એકત્ર કરી તેમને શોધવાની કવાયત એલસીબીની ટીમે શરૂ કરી હતી. દરમિયાનમાં ભરૂચ સી ડિવિઝન તેમજ નબીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશીદારૂના બે કેસમાં આકાશ કિશોર પરમાર (રહે. નર્મદા બંગ્લોઝ, ઝાડેશ્વર રોડ) નામનો બુટલેગર બે વર્ષથી વોન્ટેડ હોવાનું માલુમ પડ્યું હતું. અરસામાં એલસીબીના પીએસઆઈ એમ. એમ. રાઠોડ તેમજ હેકો ધર્મેન્દ્રસિંહ તથા પોકો કુંદન, મનહરસિંહ તેમજ નિમેશ પેટ્રોલિંગમાં હતાં તે વળાં તેમને વોન્ટેડ આકાશ પરમારની ચોક્કસ બાતમી મળતાં ટીમે તેને ઝડપી પાડી તેને ભરૂચ સી ડિવિઝન પોલીસને સોંપતાં પોલીસે તેની સામે કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એસપી લીના પાટીલના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહયું છે. જિલ્લામાંથી દરરોજ એક કે બે વોન્ટેડ આરોપીને ઝડપીને જેલના સળિયા પાછળ મોકલાય રહયાં છે.

**DATE: 10/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વાલિયામાં મહિલાના ઘરમાંથી 41 હજારનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વિધાનસભા ચૂંટણી અંતર્ગત આદર્શ આચાર સંહિતા અમલવારી કરવા જીલ્લામાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને સેવનની ગેરકાયદેસરની પ્રવૃતિ અંકુશમાં લેવાના ઉદ્દેશથી વાલિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ દરમ્યાન પ્રોહિ જુગારની તપાસમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમા હતા તે અરસામાં વટારીયા ગામના કુખ્યાત બુટલેગરના ઘરની સામે મહિલાના ઘરમાંથી વિદેશી દારૂ સાથે ઝડપાય ગઈ હતી જ્યારે મુખ્ય બુટલેગર અને અન્ય તેનો સાગરીત ફરાર થઈ ગયા હતા.

**DATE: 10/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચના દાંડિયાબજાર મચ્છીમાર્કેટ ખાતે પોલીસે દરોડો પાડયો

# કરિયાણાની દુકાનની આડમાં દારૂ વેચતો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના દાંડિયાબજાર મચ્છીમાર્કેટમાં આવેલી એક કરિયાણાની દુકાનમાં વિદેશીદારૂનું વેચાણ થયું હોઈ એ ડિવિઝન પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે દુકાનમાંથી વિદેશીદારૂની 4 બોટલો જપ્ત કરી તેની સામે ગુનો નોંધ્યો હતો. તેમજ તેને દારૂ આપી જનાર બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના દાંડિયાબજાર મચ્છીમાર્કેટ પાસે શિવમ જનરલ કરિયાણા સ્ટોર ચલાવતો નિલેશ સતિષ રાણા દુકાનની આડમાં દારૂનો વેપલો કરે છે. જેના પગલે ટીમે તેની દુકાને રેડ પાડી હતી. ટીમે નિલેશ રાણાને ઝડપી પાડી દુકાનમાં તપાસ કરતાં એક ટેબલના ખાનામાં મુકેલી કોલેજ બેગમાં વિદેશીદારૂની 4 બોટલો મળી આવી હતી. જેના પગલે પોલીસે તેની પુછપરછ કરતાં શક્તિનાથ પાસે આવેલા મહાવીર નગર ખાતે રહેતો વિનય મહેન્દ્ર વસાવા તેને દારૂ આપી ગયો હોવાની કેફિયત રજૂ કરી હતી. ટીમે દુકાનમાંથી વિદેશીદારૂની 4 બોટલો જપ્ત કરી તેની સામે ગુનો નોંધ્યો હતો. તેમજ તેને દારૂ આપી જનાર બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.જેના પગલે ટીમે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી વિનય વસાવાને વોન્ટેડ જાહેર કરી આગળન કાર્યવાહી હાથ ધરી છે. વિધાનસભાની ચુંટણી જાહેર થઇ ચુકી છે ત્યારે પોલીસ સતર્ક બની છે અને દારૂની બદીને રોકવા માટે બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી કરાઈ રહી છે.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભયમુક્ત ચૂંટણી સંપન્ન થાય તે માટે પંચનો નિર્ણય

# ભરૂચમાં SMS-સો.મીડિયાના નોડલ અધિકારીની નિમણૂક

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વિધાનસભાની ચૂંટણીને લઇ ભરૂચ જિલ્લામાં એસ.એમ.એસ અને સોશિયલ મીડિયાના નોડલ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈ એસ.એમ.એસ અને સોશિયલ મીડિયાના નોડલ અધિકારી નિમાયાં છે. સો.મીડિયાની ગતિવિધિઓ પર નજર રાખશે.વિધાનસભાની ચૂંટણીમાં આચારસંહિતાનું ચુસ્તપણે પાલન થાય અને નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય સાથે ભયમુક્ત વાતાવરણમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા ભરૂચ જિલ્લામાં એસ.એમ. એસ અને સોશિયલ મીડિયાના નોડલ અધિકારી તરીકે આર.આર. સરવૈયાની નિમણુંક કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીને લઇ ભરૂચ જિલ્લામાં એસ.એમ.એસ અને સોશિયલ મીડિયાના નોડલ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. જેઓ એસ.એમ. એસ અને સોશિયલ મીડિયાની ગતિવિધિઓ પર નજર રાખશે અને આચારસંહિતાનો ભંગ કરતા અને દુરોપયોગ સામે તેઓનો સંપર્ક કરવા જણાવ્યું છે.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વોરંટના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ચૂંટણીના માહોલ વચ્ચે એસપી ડો.લીના પાટીલની સૂચનાથી જિલ્લા પોલીસ પણ એક્શનમાં આવી હિસ્ટ્રીશીટર અને ગુનામાં વોન્ટેડ આરોપીઓને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી રહી છે.ત્યારે ભરૂચ LCBની ટીમ પીઆઈના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનનાનો વોરંટનો આરોપી અતુલ વસાવા છેલ્લા 6 મહિનાથી પોલીસ ધરપકડથી નાસતો ફરે છે. જે આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો છે.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વડોદરા રેંજમાં આઈજી તરીકે સંદિપસિંગે ચાર્જ સંભાળ્યો

# અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનની કામગીરીની આઇજીએ સમીક્ષા કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ મથકની વડોદરા રેન્જ આઈ જી સંદીપ સિંઘે મુલાકાત લઈ વાર્ષિક ઈન્સ્પેકશન સાથે પોલીસ તંત્રને ચૂંટણીલક્ષી જરૂરી સૂચનો અને ચર્ચા કરી હતી. વડોદરા રેન્જ આઈજી અને ભરૂચ જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા હાલ જિલ્લાના પોલીસ મથકો નું વાર્ષિક નિરીક્ષણ ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે વડોદરા રેન્જ આઈ જી સંદીપ સિંઘે અંકલેશ્વર શહેર પોલીસ મથકની મુલાકાત લીધી હતી. ચૂંટણી ટાણે તેઓએ જિલ્લામાં શાંતિ અને સલામતી



જળવાય રહે તેમજ પ્રોહિબિશનના ગુનાઓ ઉપર તવાઈની સૂચના આપી હતી. આ સાથે જ જિલ્લામાં અસામાજિક તત્વો ઉપર પણ ગાજ વરસાવવા જણાવ્યું હતું. રેન્જ આઈજી મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### જિલ્લામાં ઈકો કારના સાયલેન્સરની ચોરીના 7 તથા બકરાચોરીના ગુનાઓની કબૂલાત કરી

# ભરૂચમાં તસ્કરી કરતી ધોળકાની ગેંગનો સભ્ય ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં ઈકો કારના સાયલન્સર ચોરતી ટોળકીએ આતંક મચાવ્યો હતો. દરમિયાનમાં આમોદ પોલીસે બકરા ચોરીના ગુનામાં ઝડપી પાડેલાં ધોળકાના એક આરોપીની એલસીબીની ટીમે પુછપરછ હાથ ધરતાં જિલ્લામાં 7 સ્થળે ઈકો કારના સાયલન્સર ચોરીની કબુલાત કરતી હતી. તેમજ તેના અન્ય 4 સાગિતોના નામોની પણ ફોડ પાડી હતી. ટીમે તેના સાગરિતોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યાં છે.

ભરૂચ જિલ્લામાં સાયલન્સર ચોરી કરવાના બનાવો વધવાને લઈને એસપી લીના પાટીલ દ્વારા પોલીસને બનાવોને અટકાવવા તેમજ ચોરોને શોધવા માટે ખાસ તાકીદ કરવામાં આવી હતી. જેના પગલે એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ ટીમો સક્રિય બની હતી. દરમિયાનમાં આમોદ પીએસઆઈ જે. જી કામળિયા અને તેમની ટીમે બકરા ચોરીના કેસમાં ધોળકાના પખાલી ચોક ખાતે રહેતાં ઈમરાન ઉર્ફે કાબરો વાહિદ બેલીમ નામના ગઠિયાની ધરપકડ કરી હતી. એલસીબી પીએસઆઈ આર.કે. ટોરાણી તેમજ પી.એમ. વાળાને ચોક્કસ માહિતી મળી હતી કે, ઝડપાયેલાં ઈમરાનના સાયલન્સર ચોરી સાથે તાર જોડાયેલાં છે. જેના પગલે તેમણે તેની ઉલટ તપાસ શરૂ કરી હતી. જેમાં તે તુટી પડતાં કબુલાત કરી હતી કે, તેણે અને તેના સાગરિતોએ મળી ભરૂચ શહેરના સોનેરી મહેલી પાસેથી, માતરિયા તળાવ લીંકરોડ પરથી તેમજ ધોળીકુઈ બજાર, દહેગામ ગામે તેમજ આમોદના ગણેશ નગર - આછોદ ચોકડી તથા અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં પાર્ક કરેલી કુલ 7 ઈકો કારના સાયલન્સરની ચોરી કરી હતી. તેમજ વાગરાના ઓરા ગામની સીમમાંથી બકરા ચોરી કર્યાં હતાં. ટીમે આરોપીના અન્ય 4 સાગરિતોને શોધવાની કવાયત હાથ ધરી છે.

### વોન્ટેડ જાહેર કરાયેલાં આરોપીઓ

- મોહમદ ઈદ્રીશ ઉર્ફે ઈદી હબીબ વોરા રહે. ધોળકા, અમદાવાદ
- દસ્તગીર ઉર્ફે દસકો મોહંમદ ઘાંચી રહે. ધોળકા, અમદાવાદ
- મોઈન ઉર્ફે ગફી મહોમદ પનારા રહે. ધોળકા, અમદાવાદ
- અસ્લમ ઉર્ફે બાટલી હુસેનશા દિવાન રહે. ધોળકા, અમદાવાદ

### ભરૂચ જિલ્લામાં ઔધોગિક વસાહતના કારણે ઇકોનું ચલણ વધુ હોઇ ટાર્ગેટ બનાવ્યું

ભરૂચ જિલ્લામાં ઔધ્યોગિક વસાહતો સહિત અન્ય વેપારધંધામાં ઈકો કારનો ઉપયોગ વધુ થતો હોઈ જિલ્લાને ટોળકીએ ટાર્ગેટ કરી હોવાનું મનાઈ રહ્યું છે. ટોળકી રાત્રિના સમયે જ ધોળકાથી રિટ્ઝ કાર લઈને ભરુચ આવતાં હતાં. અને જ્યાં ઈકો કાર મળે તેનું સાયલેન્સર ચોરી કરતાં હતાં.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે ઝડપી પાડેલો આરોપી દીવાનો રહેવાસી

# અંકલેશ્વરમાં 6 મહિનાથી ફરાર બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન ના વોન્ટેડ બુટલેગર ને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી પાડ્યો હતો. નવા દીવા ગામના ગુમાન વસાવા શહેર પોલીસ મથક માં 6 મહિના ઉપરાંતથી ફરાર હતો.

જિલ્લા પોલીસ વડા ની સૂચના અને આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી ફરાર આરોપી તેમજ બુટલેગરોને ઝડપી પાડવાની તાકીદ અનુલક્ષી ને પેરોલ ફર્લો સ્કોર્ડ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. અંકલેશ્વર શહેર પોલીસ મથક ના પ્રોહિબિશન ના છેલ્લા 6 મહિનાથી ફરાર નવા દિવાના બુટલેગર ગુમાન કાલિદાસ વસાવા સામોર ગામ ખાતે હોવાની માહિતી ચોક્કસ માહિતી મળી હતી જે માહિતી આધારે સામોર ગામ ખાતે પેરોલ ફર્લો સ્કોર્ડ દ્વારા ગુમાન કાલિદાસ વસાવાને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર એ ડિવિઝન ના વોન્ટેડ બૂટલેગર ને પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી પાડ્યો હતો. નવા દીવા ગામના ગુમાન વસાવા શહેર પોલીસ મથકમાં 6 મહિના ઉપરાંતથી ફરાર હતો. અને અંકલેશ્વર શહેર પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યો હતો.

**DATE: 11/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બાવળિયાની ઝાડીઓમાં દારૂ સંતાડ્યો હતો

# જંબુસરના ધરમપુરા બોજાદ્રા ગામમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં ધરમપુરા બોજાદ્રા ગામે તળાવની પાળે બાવળિયામાં દારૂ સંતાડી વેપલો કરતાં બુટલેગરને પોલીસે ઝડપી પાડ્યો હતો. જંબુસર પોલીસની ટીમે તેની પાસેથી કુલ 135 બોટલો જપ્ત કરી ગુનો નોંધી તે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તેમજ તેની સાથે દારૂના વેપલામાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તેની વિગતો મેળવવા માટેની કવાયત હાથ ધરી હતી.

જંબુસર પોલીસની ટીમ ચૂંટણીલક્ષી પેટ્રોલિંગમાં હતી તે વેળાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ધરમપુરા બોજાદ્રા ગામા તળાવ પાસે બાવળિયામાં દારૂ સંતાડી એક બુટલેગર દારૂનો વેપલો કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં ગામનો જ અક્ષય વિનોદ વસાવા ઝડપાઈ ગયો હતો. ટીમે તપાસ કરતાં ઝાડીઓમાં કંતાનન ત્રણ કોથળીઓ મળી આવી હતી. જેમાં તપાસ કરતાં વિદેશીદારૂની કુલ 13,500 રૂપિયાની મત્તાની 135 બોટલો મળી આવી હતી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી તેના વિરૂદ્ધ પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

**DATE: 12/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### માલિકોએ ભાડૂઆતોની નોંધણી કરાવી ન હતી

# ભરૂચ એસઓજીએ જિલ્લામાં 9 મકાન માલિકો સામે ગુનો નોંધ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં એક તરફ ચૂંટણીને લઈને માહોલ ગરમાયો છે. ત્યારે પોલીસ દ્વારા વધુ સક્રિય બની વિવિધ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જિલ્લામાં 9 મકાનમાલિકોએ તેમના મકાનોમાં ભાડેથી રાખેલાં લોકોની જે તે પોલીસ સ્ટેશનોમાં નોંધણી ન કરી ભાડાકરારનો ભંગ કર્યો હોવાનું ધ્યાનમાં આવતાં તેમને સામે કાર્યવાહી કરી છે. જેમાં ભરૂચના રહાડપોર ગામે અજીમનગરમાં રહેતાં ઇસ્તિયાક હારૂન મનિયારે તેના મકાનમાં 10 વર્ષથી ભાડૂઆત રાખ્યો હોવાનું માલુમ પડ્યું હતું. તેજ પ્રમાણે તેજ ગામમાં શબરાબાનુ સૈયુબ પઠાણ તેમજ ઇબ્રાહિમ વલી સાથિયાએ પણ તેમના ભાડૂઆતોની નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડ્યું હતું.જેના પગલે ટીમે એ ડીવીઝન પોલીસે મથકે તેણીના વિરુદ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો નોંધાવી તપાસ હાથ ધરી છે. અરસામાં એસઓજીની અન્ય ટીમોએ ન્યુ સીમા એપાર્ટમેન્ટમાં બે તેમજ અંકલેશ્વરની અવધૂત નગર સોસાયટીમાં બે અને હાંસોટના ખરચ ગામની બિરલા ચોકડી મળી મકાન માલિકો સામે જાહેરનામાનો ભંગની ફરિયાદ નોંધાઈ છે.

**DATE: 13/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મહારાષ્ટ્રથી દારૂ લાવી કાંસિયા ગામ પહોંચાડવાનો હતો

# અંકલેશ્વરના બાકરોલ બ્રિજ પાસે કારમાંથી 1.86 લાખનો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના બાકરોલ બ્રિજ નીચે સ્વીફટ કાર માંથી 1.86 લાખ રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. સુરતનો ઈસમ નવા પુરા મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો કાસીયાના બુટલેગર સહદેવને આપવા માટે આવ્યો હતો.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને હાલ આચારસંહિતા લાગુ થઈ ચુકી છે. તેવામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે પોલીસ વિભાગ પણ સતર્ક બન્યું છે, ભરૂચ જિલ્લામાં પણ ઠેક ઠેકાણે પોલીસ વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ભરૂચ ક્રાઈમ બ્રાંચના કર્મીઓને મળેલ બાતમીના આધારે સુરતથી ભરૂચ તરફ કારમાં શરાબનો જથ્થો લઈ આવતા બુટલેગરને અંકલેશ્વર બાકરોલ બ્રિજ પાસે વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો.

તેની કારની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂની નાની મોટી કુલ ૧૧૬૯ બોટલો મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચે સુરતના નરેન્દ્ર ગુપ્તા નામના બુટલેગરની ધરપકડ કરી હતી. જ્યારે મહારાષ્ટ્ર નવાપુરા ના સપ્લાયર બુટલેગર પંકજ તેમજ અંકલેશ્વર જુના કાસીયાના બુટલેગર સહદેવ વસાવાઓને વોન્ટેડ જાહેર કર્યા હતા પોલીસે 1.66 લાખ રૂપિયાનો દારૂ અને કાર મળી 4.69 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂના કેસમાં હજી અનેક લોકોના નામ બહાર આવશે.

**DATE: 13/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના ફલોરા એપાર્ટમેન્ટમાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની સર્વેલન્સ સ્કોર્ડ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ માહિતી આધારે રેલ્વે ગોદી રોડ પર આવેલ ફ્લોરા એપાર્ટમેન્ટ ખાતે દારૂનો વેપલો ચલાવતા જુનેદ શેખને ત્યાં દરોડા પાડ્યા હતા જ્યાં ઘર માં છુપાવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 750 એમ.એલ. ની 79 બોટલ મળી કુલ 31.600 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ જુનેદની ધરપકડ કરી હતી અને પૂછપરછ આરંભી હતી.

**DATE: 13/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 36 હજારનો દારૂ અને કાર મળી મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં બૂટલેગરે કારમાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંકલેશ્વરમાં શહેરમાંથી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડયો છે. પોલીસે 36 હજારના દારુનો જથ્થો મળી કુલ રૂ.1.86 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપી દારૂનો જથ્થો કયાંથી લાવ્યો હતો તેની તપાસ ચાલી રહી છે.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી એસપી ડૉ.લીના પાટીલે બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચના આપી છે. ભરૂચ એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમઅંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સ થી બાતમી હકીકત મળી હતી કે, અંકલેશ્વર શહેર સુરતી ભાગોળ ગુજરાત હાઉસીંગ ખાતે રહેતો વિજયપટેલ તેના ઘર પાસે કારમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે.એલસીબીએ તાત્કાલિક બાતમી વાળી જગ્યા ઉપર રેઈડ કરી કારમાંથી વિદેશી દારૂ બોટલ નંગ-36 કબજે લીધી હતી. 36 હજારના દારૂ તથા કાર મળી કુલ રૂ.1.86 લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની ધરપકડ કરી છે.

**DATE: 13/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરના શાંતિનગર- 2 માં છુપાયેલો હતો

# પોકસોના ગુનામાં 1 વર્ષથી ફરાર આરોપી આખરે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે વોન્ટેડ પોક્સો એક્ટ નો આરોપી ને એલસીબી પોલીસ એ ઝડપી પાડી જીઆઈડીસી પોલીસ ના હવાલે કર્યો હતો. વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુનેગાર જેલભેગા કરવાના અભિયાન અંતર્ગત એલસીબી પોલીસે છેલ્લા એક વર્ષ થી ફરાર આરોપી ને ઝબ્બે કર્યા હતા.

ભરૂચ જિલ્લામાં ચૂંટણી ટાણે વોન્ટેડ આરોપીને ઝડપી પાડવાની કવાયત હેઠળ ભરૂચ એલસીબી પોલીસ ની અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક માં છેલ્લા એક વર્ષ થી પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં વોન્ટેડ આરોપી સારંગપુર ના શાંતિનગર 2 ખાતે હોવાની માહિતી મળી હતી. જે આધારે શાંતિનગર 2 ખાતે સર્ચ કરતા સબર ખાનને ઝડપી પાડ્યો હતો. આરોપીને જીઆઈડીસી પોલીસ ના હવાલે કરતા પોલીસે વધુ તપાસ આરંભી હતી અને ક્યાં છુપાયો હતો તેની વિગતો મેળવવામાં આવી રહી છે.